સને ૨૦૨૫-૨૬માં વન અને પર્યાવરણ વિભાગ ખાતે ૧૧ મહિનાના કરાર આધારિત કાયદા સલાહકારની ૦૧(એક) જગ્યા ચાલુ રાખવા વહિવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

વન અને પર્યાવરણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: FED/EEF/e-file/6/2024/2561/A,

સચિવાલય, ગાંધીનગર,

તા. ઈ-સાઈન મુજબ.

વંચાણે લીધા:-

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૨૩/૦૫/૨૦૨૨ ઠરાવ ક્રમાંક: FED/EEF/e-file/6/2022/0001/A

(૨) નાણાંવિભાગનો તા.૦૭/૦૩/૨૦૨૫ ઠરાવ ક્રમાક: FD/EXP/e-file/4/2023/3563/Z1

ઠરાવ:-

ઉકત વંચાણે લીધેલ-૦૧ ઠરાવથી સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે વન અને પર્યાવરણ વિભાગ ખાતે ૧૧ મહિનાના કરાર આધારિત ૦૧ કાયદા સલાહકાની જગ્યા ઊભી કરવા માટે વહિવટી મંજૂરી આપવામાં આવેલ.

(૨) ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના નાણાં વિભાગના પરિપત્રથી સને ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ ચાલુ બાબતો અને નવી સેવા/નવી બાબતોની વહીવટી મંજૂરી બાબતે સૂચનાઓ પરિપત્રિત કરેલ છે.

(3) ઉપર્યુકત વિગતોને ધ્યાને લેતા વન અને પર્યાવરણ વિભાગ ખાતે ૦૧ કાયદા સલાહકારની ૧૧ માસના કરાર આધારિત સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે અંદાજપત્રમાં થયેલ રૂ.૦.૦૭/- કરોડ (અંકે રૂપિયા સાત લાખ પુરા)ની જોગવાઇમાંથી ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચે મુજબની શરતોને આધિન આપવામાં આવે છે.

૧. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૫ થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬.યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૯. ઉકત જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં માંગણી નં. ૨૫, હેઠળના "મુખ્ય સદર-૩૪૫૧ સચિવાલય સામાન્ય

સેવાઓ, (૦૯૦) સચિવાલય, (૦૧) વન અને પર્યાવરણ વિભાગમાં ૧૧ માસના કરાર આધારિત કાયદા સલાહકારની ૦૧ (એક) જગ્યા ચાલુ રાખવા અંદાજપત્રમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં આ હેતુ માટે કરવામાં આવેલ જોગવાઇમાંથી ખર્ચ મેળવવાનો રહેશે.

(૫) વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા.- ૧૮/૦૩/૨૦૨૫ ની નોંધથી તેમજ અગ્ર સચિવશ્રી(વન અને પર્યાવરણ વિભાગ) ની તા.-૧૯/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભાવન એ. ભાવસાર),

ઉપ સચિવ,

વન અને પર્યાવરણ વિભાગ.

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી. વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય , ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી/ખ(૧) શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (વન અને પર્યાવરણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના વર્ગ -૧ ના સર્વે અધિકારીશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી / ઝ(૧) શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા (૨ નકલ) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

Signature valid

Signed by BHAVAN BHAVSAR
Under Secretary
Date 2025.04.02
16:05:19